

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ધનમાં સૂતી રાખી'તી શાંતિ સખળ-ડખળ થૈ !*
*શીશામાં પૂરી રાખી'તી શિસ્ત આકુળ-વ્યાકુળ થૈ !*
*ચકળ-વકળ થૈ આંખો 'વ્હાલાં' - 'વતન' ને જોવા -*
*'દૂરી' 'લોકડાઉન' વ્યવસ્થા રમણ-ભમણ થૈ...*

**હાઈકુ**

*દે છે થીગડાં*
*જીર્ણ કાયદામાં, ત્યાં -*
*તૂટે છે તેર...*

*રડતી આંખો*
*ને પેટે દવ, છતાં -*
*હસે ગરીબી !*

## ચિંતન

***સા શ્રીર્યાં ન મદં કુર્યાત્સ સુખી તૃષ્ણયોજ્જિતઃ ।***
***તન્મિત્રં યત્ર વિશ્વાસઃ પુરુષઃ સ જિતેન્દ્રિયઃ ॥***

**ઉપરોક્ત શ્લોક 'સુભાષિત રત્નાવલી' માંથી લેવાયેલ છે.**

**જ્યાં મદ નથી ત્યાં લક્ષ્મી છે. જેણે તૃષ્ણા છોડી તે સુખી છે. જેમાં વિશ્વાસ કરાય તે મિત્ર છે અને જેણે પોતાની ઈન્દ્રિયો જીતી લીધી છે, તે પુરુષ છે.**

**નિરાભિમાની - નમ્ર-વિવેકી પાસે લક્ષ્મીજી જાતે આવે છે. જેને લાવ-લાવની લાવધી વૃત્તિનો ત્યાગ કરી 'સંતોષ'ની સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે સુખી છે જેનામાં સંપૂર્ણ વિશ્વાસ - ભરોસો મૂકી શકાય તે જ સાચો મિત્ર છે.**

**જેણે પોતાની ઈંદ્રિયો પર સંયમ દ્વારા વિજય પ્રાપ્ત કર્યો છે એ સાચો પુરુષ છે.**

## સુવિચાર

- પાંડવ અને કૌરવ મનુષ્યની અંદર જ છે, કૌરવ અને પાંડવ એટલે સદ્ અને અસદ્, સુભ અને અશુભ, રાગ અને દ્વેષ, અંધકાર અને પ્રકાશ, ગરુડ અને ઘુવડ - **ચિત્રલેખા**
- આત્મા તરફની જેની ગતિ એ અધ્યાત્મ અને જે સૃષ્ટિની ક્રિયાને પ્રક્રિયાની ઉત્પત્તિમાં બ્રહ્માંડ રહે છે તે કર્મ - **સુરેશ દલાલ**
- લાગણી અને ભક્તિની વચ્ચે એક તબક્કો છે તે છે 'લગની' લગનીમાં સ્મરણ અને શરણનો ભાવ છે. એક જ ભાવમાં સ્વભાવ સ્થિર થાય અને સહજ સમાધિ હોય તે ભક્તિ - **અખંડ આનંદ**
- પ્રશંસાના ભૂખ્યા લોકોએ સાબિત કરી દે છે કે તેઓ યોગ્યતામાં કંગાળ છે - **પ્લુટાર્ક**
- લોકો પ્રામાણિકતાના વખાણ કરે છે, પણ તેને ભૂખે મારે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- શ્રદ્ધા નહિ, દૃષ્ટિ જ આપણું પ્રેરકબળ છે - **સંત રોબિન**
- આજનું ઔષધ : કાકડી અને કાંદાનો રસ પીવાથી દારુનો નશો ઉતરે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

શાળાના ૧૧-૧૨ ધોરણમાં સંસ્કૃત ભણાવતા શિક્ષક. એમને ધોરણ-૧૨નો આજે છેલ્લો દિવસ હતો. પછી પરીક્ષાની તૈયારીની રજા પડવાની હતી, પછી પરીક્ષા અને પછી કૉલેજની દુનિયા !! શિક્ષક વર્ગમાં આવ્યા. બોર્ડ પર એક સંસ્કૃત શ્લોક લખ્યો અને નીચે તેનો અર્થ અને ભાષાંતર લખ્યા. આ લખવામાં શિક્ષકે જાણી જોઈને ભૂલ કરી. આ લખામ જોયા પછી વિદ્યાર્થીઓ સાહેબની ભૂલ બતાવી ટિખળ કરવા લાગ્યા. સાહેબે કહ્યું, 'ચાલો તમે મારી ભૂલ બતાવી દીધી. પણ હવે મારી વાત શાંતિથી સાંભળો. આ ભૂલો મેં જાણી જોઈને કરી હતી. કારણ કે જિંદગીની એક અગત્યની વાત મારે તમને સમજાવવી છે. મારી ભૂલો જોઈને તમે જે કર્યું તે જ દુનિયાનો નિયમ છે... કાલે તમે બહારની દુનિયામાં જશો અને દુનિયા તમારી સાથે પણ આવો જ વ્યવહાર કરશે.' વધુમાં સાહેબે કહ્યું, 'હું આટલા વખતથી તમને ભણાવું છું. એમાં અગાઉ કયારેય ભૂલ ન કરી અને સાચું લખ્યું તેના તમે વખાણ ન કર્યા. બસ ભૂલ દેખાઈ એટલે આંગળી ચીંધી હસવા અને મારી ટીકા કરવા લાગ્યા.' સૌ વિદ્યાર્થી ચૂપ થઈ ગયા અને તેમના ચહેરા પર પસ્તાવો જોતા સાહેબે આગળ કહ્યું, 'હું તમને એ હકીકતથી વાકેફ કરાવવા માંગુ છું કે દુનિયા કયારેય તમારા લાખ કામને બિરદાવશે નહીં પણ જો એક નાની ભૂલ થઈ તો ટીકા જરૂર કરશે. આ જીવનનું સત્ય છે. આપે આવી ટીકાથી ડરવું નહીં જો તમારી ભૂલ હોય તો સ્વીકારી... તે ભૂલને સુધારી આગળ વધવું અને ભૂલ પ્રત્યે તમારું ધ્યાન દોરનારાનો આભાર માનવો.' સૌ વિદ્યાર્થીએ સાહેબનો આ પાઠ યાદ રાખવા મનોમન નિર્ણય લીધો.

# લોકડાઉન દરમિયાન સરહદ પર શહીદી

**તંત્રીસ્થાનેથી...**

હંદવાડામાં પાકપ્રેરિત આતંકવાદીઓ સામેની મુઠભેડમાં દેશની સેનાએ કર્નલ આશુતોષ શર્મા અને મેજર અનુજ સૂદ જેવા જાંબાઝ વીર યોદ્ધાઓ ઉપરાંત બે સૈનિકો શહીદ થયા ત્યારે કોરોના વોરિયર્સના સમ્માનમાં દેશની સેના પુષ્પવૃષ્ટિમાં વ્યસ્ત હતી. સરહદ પર ઠંડુ પડેલું પાકિસ્તાન સમય જોઈને લુચ્ચા શિયાળની જેમ ત્રાટક્યું અને આપણી સેનાએ મૂલ્યવાન સેનાનીઓનું બલિદાન ચડાવી દેવું પડ્યું. કર્નલ આશુતોષ શર્મા જાતે જ લોકોનાં ઘરોમાં છુપાયેલા આતંકવાદીઓ સામેનું ઓપરેશન લીડ કરી રહ્યા હતા. બહાદુર સૈનિકોનું બલિદાન આપી એમના વિશે પ્રશંસાના પુષ્પો વેરી દઈ પરિવારને થોડી માતબર રકમનું વળતર પકડાવી દઈ સરકાર અને સેના આવા એપિસોડ ભૂલી જતી હોય છે. કાશ્મીરની સમસ્યાનો કાયમી ઉકેલ પંડિત નહેરુથી લઈ નરેન્દ્ર મોદી સુધીની કોઈ સરકાર લાવી શકી નથી તે આ દેશની કમનસીબી છે. હજારો સૈનિકોનું લોહી વહેવડાવીને આખરે આપણે પ્રાપ્ત શું કરીએ છીએ ? હંદવાડામાં ફરી પાછો હુમલો કરી સીઆરપીએફના પાંચ જવાનોનો જીવ લેવામાં આતંકવાદીઓને સફળતા સાંપડી છે. દર વખતે વહી ગયેલા ટીપે ટીપા લોહીનો બદલો લેવાશે - એવા હાકલા પડકારા થતા રહે છે. માની લો કે બદલો લઈ લીધો; ભારતીય સેનાએ સામેની સેનાના બમણાં-ત્રણ ગણા સૈનિકોને મારી નાખ્યાં, એમનાં બંદર ઉડાવી દીધાં, પરંતુ એથી શું પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ સમાપ્ત થઈ જશે? વર્ષોથી ચાલ્યા આવતા આ અદ્ધર રહી ગયેલા રાજકીય પ્રશ્નનો ઉકેલ રાજકીય વાટાઘાટો દ્વારા જ થઈ શકે. કદાચ એવા પ્રયાસો નિષ્ફળ જાય તો છેલ્લે એવું ભારે મિલિટરી ઓપરેશન કરી નાખવું જોઈએ કે પાકિસ્તાનનું દુનિયાના નકશામાંથી નામોનિશાન ભૂંસાઈ જાય. પરંતુ એટલી હિંમત નથી તો છપ્પનની છાતી ધરાવતા વડપ્રધાનમાં કે નથી આર્મી - નેવી અને એરફોર્સની ત્રણે વિંગોના સરકારી મહેરબાની પર નિયુક્ત થનાર વડાઓમાં. તેઓ જાણે છે કે પાકિસ્તાન ભલે આખી દુનિયામાં દેવાળિયા દેશ તરીકે જાહેર થઈ ચૂક્યું હોય, ભલે એ અમેરિકાની આંખમાંથી ઊતરી ગયું હોય - પણ એની સામે સંપૂર્ણ યુદ્ધ કરવાં જતાં ચીન તાબડતોબ એની પડખે અડીખમ દીવાલની જેમ ઊભું થઈ જશે. ચીન અમસ્તુંય અત્યારે છંછેડાયેલું છે. એ કદાચ આવી કોઈ તકની જ રાહ જોઈ રહ્યું છે. ૧૯૬૨ના યુદ્ધમાં ચીને ભારત પર હુમલો કરી હજારો ચોરસ કિલોમીટર જમીન પડાવી લીધી હતી જે હજી સુધી એના કબજામાં છે. ભારત માટે કાશ્મીરની સમસ્યા ફક્ત ૩૭૦ની કલમ હટાવી દેવાથી સમાપ્ત નથી થઈ જતી, તે આવા કપરા કાળમાં ચાલુ રહેલી સરહદી અથડામણો અને આતંકવાદી હુમલાઓથી સાબિત થઈ ચૂક્યું છે. આશા રાખીએ કે ચીન અને અમેરિકા બેઉ સાથે મીઠા સંબંધો વિકસાવી દુનિયાભરમાં છવાઈ જનારી ભારતીય નેતાગીરી કાશ્મીરમાં રેડાતા લોહીનો કોઈ કાયમી નીવેડો લાવે.

# કોઈ વ્યક્તિના બહારના દેખાવ કે રુપરંગથી તેની બુદ્ધિમત્તાનો અંદાજ લગાવી ન શકાય



**નવાં કલેવર**

નટવર હેડાઉ

રાજમહેલના દ્વારા એક વૃદ્ધ સાધુ આવ્યા. તેમને દ્વારપાળ સામે જોયું. દ્વારપાળ તેમને અંદર જવા દેશે કે નહીં તેની અસંમજશમાં થોડીવાર ઊભા રહ્યા. દ્વારપાળે પૂછ્યું, 'સંત પુરુષ, આપને કોનું કામ છે. અહીં આવીન અટકી કેમ ગયા ?'

વૃદ્ધ સાધુએ સહેજ વિચાર કર્યો પછી દ્વારપાળને કહ્યું, 'રાજાજીને અંદર જઈને કહો કે તમારો ભાઈ આવ્યો છે.'

દ્વારપાળને એમ લાગ્યું કે કદાચ દૂરના સંબંધે રાજાના ભાઈ થતા હશે. સન્યાસ લઈને સાધુની જેમ રહેતા હશે.

રાજાને આ વાતની જાણ થતાં તે હસ્યા. અને સાધુને અંદર બોલાવી પોતાની પાસે બેસાડ્યા.

સાધુએ પૂછ્યું, 'કહો અનુજ કેમ ચાલે છે. બધું બરાબર તો છે ને?'

રાજાએ કહ્યું, 'હાં, ભાઈ મારે ત્યાં બધું સારું છે. તમે કેમ છો એ કહો.'

સાધુએ કહ્યું, જે મહેલમાં હું રહેતો હતો તે જૂનો અને જર્જરીત થઈ ગયો છે. ગમે ત્યારે કડડભૂસ થઈને પડે એમ છે. મારા બત્રીસ નોકરો હતા તે પણ એક એક કરીને જતા રહ્યા. પાંચે રાણીઓ પણ વૃદ્ધ થઈ ગઈ છે તેથી તેમનાથી કોઈ કામ થતું નથી.

આ સાંભળી રાજાએ સાધુને ૧૦ સોનાના સિક્કા આપવાનો આદેશ કર્યો. સાધુએ કહ્યું કે આ દસ સિક્કા ઓછા પડશે. ત્યારે રાજાએ કહ્યું કે હાલમાં રાજનું અર્થતંત્ર ડામાડોળ થઈ ગયું છે. મારા રાજયમાં કોરોના વાયરસે કાળો કેર વરતાવ્યો છે. તેથી આ વખતે આટલાથી તમારે સંતોષ માનવો પડશે. સાધુએ કહ્યું, 'મારી સાથે સાત સમુદ્ર પાર ચાલો ત્યાં સોનાની ખાણો છે. મારું પગલું પડતાં સમુદ્ર સુકાઈ જશે. મારા પગની તાકાત તો તમે જાણો જ છો...'

તેથી હવે રાજાએ સાધુને ૧૦૦ સોનાના સિક્કા આપવાનો આદેશ કર્યો.

સાધુના જતા રહ્યા બાદ મંત્રીઓએ ખુબ આશ્ચર્યથી રાજાને પૂછ્યું, 'મહારાજ ક્ષમા કરજો, પણ જયાં સુધી અમે જાણીએ છીએ ત્યાં સુધી તમારે કોઈ મોટા ભાઈ નથી. તો પછી તમે આ ઠગને આટલું મોટું ઈનામ શું કામ આપી દીધું?'

રાજાએ સમજાવ્યું. 'જૂઓ, નસીબ બે પ્રકારનું હોય છે. એક રાજાનું અને બીજું રંગનું એટલે કે ગરીબનું.' તે સંબંધે તેણે મને ભાઈ કહ્યો. જર્જરીત મહેલ કહેવાનો તેનો આશય તેનું શરીર હતું. બત્રીસ નોકર તેના દાંત હતા. અને પાંચ વૃદ્ધ રાણીઓ તેની પાંચ ઈન્દ્રિયો છે. સમુદ્રના બહાને તેને મને ટોણો માર્ય કે તેની રાજમહેલમાં પગ મૂકતાં જ મારો રાજવૈભવ સુકાઈ ગયો. કેમને હું તેને માત્ર દસ સિક્કા આપતો હતો. જયારે મારી હેસિયત તેના વજન ભારોભાર સોનું આપી શકવાની હતી. તેથી તેની બુદ્ધિ અને ચાતુર્યથી ખુશ થઈને મેં તેને સિક્કા આપ્યા અને કાલથી હું તેને મારા સલાહકાર તરીકે નિમણૂંક આપવાનો છું.

કોઈ વ્યક્તિના બહારના દેખાવ કે રુપરંગથી તેની બુદ્ધિમત્તાનો અંદાજ લગાવી ન શકાય.

# પ્રેમ : બધાથી પર છે, સર્વોપરી છે



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એથેન નામનો એક વિખ્યાત જાદુગર. બચપણથી પોતાની જાત મહેનતથી જાદુ શીખીને પોતે સફળતાના અનેક શિખરો સર કર્યા હતા અને લાખો લોકોનાં હૃદયમાં સ્થાન મેળવ્યું હતું. એક દિવસ જાદુના એક પ્રયોગ દરમ્યાન તેની સાથે થયેલા દગાને કારણે એક મોટો અકસ્માત થાય છે અને તેને ગંભીર ઈજાઓ થાય છે. તેના મણકાઓમાં ગંભીર ઈજાને કારણે તે પક્ષઘાતનો (quadriplegic) શિકાર બની જાય છે. તે પોતાના શરીરના કોઈ જ અંગનું હલન ચલન કરી શકતો નથી, સિવાય કે પોતાનો ચહેરો. તેનું મગજ સતેજ છે અને તેની બોલવાની કળા જીવંત રહે છે. તેની આ ગંભીર બીમારીને ચૌદ વર્ષ જેટલો સમય વિતી જાય છે.

સોફિયા નામની એક યુવાન, સુંદર, પરણિત પરિચારિકા પોતાની ફરજ રૂપે નિષ્ઠાથી એથેનની ચોવીસ કલાક ચાકરી કરે છે. એથનને અતિ આધુનિક સાધનો દ્વારા સારવાર થાય છે. ચૌદ વર્ષની એથેનની બીમારી દરમ્યાન સોફિયાની સહાયથી તે એક સફળ રેડીયો જૉકી બને છે. તેનું ઘર એ જ તેનું સારવાર કેન્દ્ર, અને રેડિયો પ્રસારણ કેન્દ્ર પણ તેનું ઘર જ. રેડિયો કાર્યક્રમ દ્વારા એથન પોતાના લાખો ચાહકોના હૃદયમાં જીવનની નવી આશાઓનો સંચાર કરતો રહે છે. એક રેડિયો જૉકી તરીકે પણ તે લાખો પ્રશંશકોના હૃદયમાં સ્થાન જમાવી ચૂક્યો છે.

એક દિવસ ઓમાર સિદીકી નામનો એક યુવાન એથેનના જીવનમાં પ્રવેશે છે. ઓમાર બચપણથી જ જાદુગર એથેનનો પ્રશંશક અને ચાહક હતો. સાત વર્ષની ઉંમરે તે એથેનના હસ્તાક્ષર (ઑટોગ્રાફ) પ્રાપ્ત કરવા માટે તેની કાર પાછળ દોડ્યો હતો. ઓમાર પોતાના આદર્શ એવા એથેન જેવો જ જાદુગર બનવા ઈચ્છતો હતો. બચપણથી જ તે એથેન પાસેથી જાદુ શીખવા માટે પોતાની જાતને સક્ષમ બનાવતો હતો. તેને લાગ્યું કે હવે એથેન પાસેથી જાદુ શીખવા તે પૂરો સક્ષમ બની ગયો છે એટલે તે એથનને ઘેર આવે છે.

એથેન શરૂઆતમાં ઓમારને જાદુ શિખવવા માટે ઈનકાર કરે છે પણ ઓમારની જિજ્ઞાસા અને તીવ્ર ઈચ્છાથી પ્રભાવિત થઈને પહેલા ઓમારની પરીક્ષા લેવાનું મનોમન નક્કી કરે છે અને તેની સાથે વાતચીત કરે છે;

એથેન સોફિયાની હાજરીમાં ઓમારને પૂછે છે, " તારે કોઈ ગર્લફ્રેંડ છે? "

ઓમાર સાહજીકતાથી ઉત્તર આપે છે; " ના. હજી સુધી તો નથી. મને કોઈ સ્ત્રીના પ્રેમમાં પડવું ગમશે કારણ કે મને સ્ત્રીઓ ગમે છે."

આગળ પરીક્ષા લેતા એથેન પૂછે છે; " હું તને જાદુ શીખવું. માની લે કે તને ગર્લફ્રેંડ મળી ગઈ. તું એના પ્રેમમાં પડ્યો. અમુક સમય પછી તારી ગર્લફ્રેંડ તને કહે કે તું બેમાંથી એક પસંદ કરે તો તું શું પસંદ કરીશ?

એક પણ ક્ષણનો વિચાર કર્યા વિના ઓમાર પ્રત્યુતર આપે છે; "તેને છોડી દઈશ"

એથેન પૂછે છે "કોને?"

ઓમાર બેધડક જવાબ આપે છે; "જાદુને. કારણ કે પ્રેમ બધાથી સર્વોપરી છે. **(love is above all so).**

ઓમાર એથેનની પરીક્ષામાં પાસ થાય છે અને એથેન તેને જાદુ શીખવાડવા માટે સંમત થાય છે. પોતાની જીવનભરની મહેનતના ફળસ્વરૂપે તૈયાર કરેલું જાદુના પ્રયોગોનું દસ્તાવેજી પુસ્તક તે ઓમારના હાથમાં મૂકવાનું સોફિયાને કહે છે.

આ કોઈ સત્ય ઘટના નથી. દંતકથા પણ નથી. પૌરાણિક કથા પણ નથી. એક મહાન દિગ્દર્શક સંજય લીલા ભણશાલી નિર્મિત, દિગ્દર્શિત એક ઉત્કૃષ્ટ ફિલ્મ 'ગુઝારીશ'નું એક દશ્ય છે. એ ફિલ્મમાં એથેન તરીકે રિતિક રોશન, સોફિયા તરીકે ઐશ્વર્યા બચ્ચન અને ઓમાર તરીકે આદિત્ય રોય કપૂરે લાજવાબ ભૂમીકાઓ ભજવી છે.

માણસ લાગણીઓનો ભંડાર છે, ખજાનો છે. માણસનાં એ ખજાનાની બધી જ લાગણીઓ માનવીય સંબંધો સાથે જોડાયેલી છે. સંબંધો હોય ત્યાં જ એ ખજાનો ખૂલતો હોય છે અને લાગણીઓ વહેંચાતી હોય છે.

મનોવૈજ્ઞાનિકો માણસની લાગણીઓને બે ભાગમાં વહેંચે છે. એક, સકારાત્મક લાગણીઓ ને બે; નકારાત્મક લાગણીઓ. બંને પ્રકારની લાગણીઓ અનેક છે. કોઈપણ વ્યક્તિના હૃદયમાં જ્યારે નકારાત્મક લાગણીઓ ઉદભવે છે ત્યારે એ લાગણીઓનું શમન કરવાનો એક માત્ર ઉપચાર છે સકારાત્મક લાગણી - પ્રેમની લાગણી.

પ્રેમની લાગણીમાં. એવી તાકાત છે કે કોઈ એક વ્યક્તિની પ્રેમભરી નજર, કોઈ એક વ્યક્તિના પ્રેમભર્યા બે શબ્દો કે કોઈ એક વ્યક્તિનો પ્રેમભર્યો હળવો સ્પર્શ તમામ પ્રકારની નકારાત્મક લાગણીઓને પીગળાવી શકે છે. માણસનાં જીવનમાં ક્યારેક એવું બનતું હોય છે કે તેને માત્ર અંધકાર જ ભાસતો હોય. પોતાના જીવનપથ ઉપર માત્ર અંધકાર સિવાય કશું જ ન દેખાતું હોય. એ સમયે પ્રેમની એક માત્ર જ્યોત તેના જીવન માટે પ્રકાશપૂંજ સાબિત થઈ શકે છે. પ્રેમનો પ્રકાશ જ એટલો દિવ્ય હોય છે કે માણસનું અંધકારમય જીવન પણ ઝળહળ બની જાય.

માણસની જન્મજાત પ્રકૃતિ એવી છે કે તેને કોઈ જ પ્રકારનાં બંધનો ગમતા નથી. માણસને જ્યારે બંદી બનાવવામાં આવે છે ત્યારે એ ન ગમતા બંધનોમાંથી છૂટવા હવાતિયા મારતો હોય છે. બધા જ પ્રકારના બંધનોમાં એક માત્ર પ્રેમનું બંધન એવું બંધન છે જે માણસને ગમે છે. એ બંધનમાંથી મુક્ત થવા માટે માણસ ક્યારેય વિચારતો નથી. ઊલટાનું પ્રેમનાં બંધનમાં એ વધુ ને વધુ જકડાવાનું ઈચ્છતો હોય છે. પ્રેમનાં બંધનમાં પણ માણસ એક પ્રકારની મુક્તતા અનુભવતો હોય છે. બીજા તમામ પ્રકારના બંધનોમાં ,અનાસને એક ડર હોય છે પણ પ્રેમનાં બંધનમાં માણસ નિર્ભય બની જતો હોય છે. આમ નિર્ભયતા અને મુક્તતાને કારણે માણસ પ્રેમના બંધનમાં રહીને પણ દિવ્ય આનંદની અનુભૂતિ કરતો હોય છે.

માણસ જીવનમાં કંઈક ને કંઈક પ્રાપ્ત કરવા માટે સતત મથતો રહેતો હોય છે. સાધન, સંપતિ, માન-સન્માન, શાન-બાન, મોભ્ભો ને મતરબો. જીવનભરની મથામણ પછી એકઠું કરેલું એ બધુ જ ન્યોછાવર કરવા માટે માણસ એક પળ પણ વિચારતો નથી, શરત માત્ર એટલી કે તેને સાચો પ્રેમ મળે. 'ગુઝારીશ'ના પેલા ઓમારે પણ એમ જ કહ્યું કે પોતે પોતાની ગલફ્રેંડનાં સાચા પ્રેમ સામે પોતે મહા મહેનતે પ્રાપ્ત કરેલી પોતાની જાદુઈ વિદ્યા પણ છોડી દેશે કારણ કે જીવનમાં પ્રેમ અને માત્ર પ્રેમ જ સર્વોપરી છે.

ઈશ્વરે મનુષ્યને જીવનમાં જો સૌથી મોટી ભેટ આપી હોય તો તે એક માત્ર પ્રેમની ભેટ છે. સાચા પ્રેમને ઓળખીએ, તેને સાચવીએ, તેનું સન્માન કરીએ અને આપણે પણ સૌ સ્નેહીજનોમાં પ્રેમની ભેટ વહેંચતા રહીએ.

# સાંપ્રત સમસ્યા સ્વબચાવ માટે પ્રજા પોતાનો ધર્મ નિભાવે



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પ્રત્યેક વ્યક્તિ અને પરિવાર હાલ પુરા વિશ્વમાં અસ્તિત્વના સંઘર્ષમાં વ્યસ્ત છે. કોરોના વાઈરસ સિવાયની કોઈ બીજી વાત થતી નથી. હવે જે સંકટ દુનિયા પર છવાઈ ગયું છે. તેમાંથી હેમખેમ પાર ઉતરવાનું છે. આપણા માનનીય વડાપ્રધાન મોદી સાહેબે સ્પષ્ટતા કરી જ હતી કે 'જાન હૈ તો જહાન હૈ' અર્થાત જેની કોઈ નકક્ર દવા કે વેકસીન ઉપલબ્ધ નથી ત્યારે પ્રત્યેક નાગરીક બચાવ માટે નવી જીવનશૈલી માટે તૈયાર થવું જ પડશે. અઘરી કોઈ બાબત જીવનમાં જો કોઈ હોય તો એ ચીલાચાલુ જીવનની આદતોના પરિવર્તનની છે ! આઝાદીથી આજ સુધીમાં પ્રજાને જે સારું લાગે તે મુજબ જીવવાની એટલી બધી છૂટ હતી કે સ્વતંત્રતામાંથી સ્વચ્છંદતાના છેડા સુધી જતા રહ્યા. અન્યની અસુવિધા કે વિક્ષેપ ઉપર પણ વિચારવાનું બંધ કરી દીધું એટલે ઈશ્વરે અંતે ઝૂંબેશ ઉપાડી હશે એવું લાગી રહ્યું છે.

આટલું આકાશ, રસ્તા, નદીઓ કદી સ્વચ્છ જોવા મળ્યા નથી. જંગલમાં જીવો મુક્ત રીતે જીવવા લાગ્યા છે !! પૃથ્વી ઉપરનું સૌથી બુદ્ધિશાળી પ્રભુનું સર્જન જયારે મર્યાદાઓ ઓળંગે પછી કુદરત માર્ગ દર્શાવે છે જયાં ચાલવું ફરજિયાત થઈ જતું હોય છે. વાસ્તવમાં વિશ્વની જનસંખ્યા એ જ મોટી સમસ્યા છે જેમાંથી બીજી બધી ચિંતા અને આયોજન પેદા થયા કરે છે. ઘરમાં પુરાઈ રહેવાથી જ આ સંક્રમણથી બચી શકાય એમ હોવાથી સરકારે લોકડાઉન જાહેર કર્યું એન તેની મુદત વધતી જાય છે ત્યારે જાન બચી જવાની ખાત્રી છે તેમ છતાં જીવનમાં જે ખોટી ટેવ કે વ્યસનોને પ્રવેશવા દીધા છે તેના કારણે રઘવાટ જોવા મળે છે. વ્યસનીઓને બહેની છે તો જાહેર જીવનમાં બધું બંધ છે. આજે સદાચારથી જીવન જીવતા લોકોને કોઈ ઉકળાટ નથી એ હકીકત સ્વીકારવી જ પડે. ટીવી-દૂરદર્શન ઉપર મહાભારત તથા રામાયણ જેવી સિરીયલો ફરથી પ્રસ્તુત કરી એ માટે સરકારના સુંદર નિર્ણય બદલ આભાર કારણ કે ઉત્તમ વિચારોની પ્રજાજીવનમાં ખૂબ જ જરૂરત છે. કર્મયોગ, રાજાનો ધર્મ, ત્યાગનું તપ જેવા મહત્ત્વના જીવન મૂલ્યો આ સિરીયલમાંથી પ્રાપ્ત થયા. સુંદરતા, જીવન મૂલ્યો, વિચારધારા અને મધુર વ્યવહારોની બનેલી હોય છે. તનની સુંદરતા ઉપર સયમનું ચક્ર ફરતા તે શાશ્વત નથી પરંતુ માનવી અંદર ઋજુતા સ્નેહ સમર્પણ કે ધીરજ હોય તો એ આજીવન સૌંદર્યવાન રહી શકે છે !! જીવન અતિ મૂલ્યવાન છે. તેનો અહેસાસ થાય તો પરહિત માટે પણ પ્રીતિનો ઉદય થતો હોય છે. હેતુ હોય ત્યારે મદદ સર્વત્ર સ્વયં મળતી જાય છે. આજનું આ યુદ્ધ ડૉકટર્સ લડી રહ્યા છે તેને સહયોગ આપવો એ પ્રત્યેક નાગરિકનો ધર્મ છે અને એને જ આપણી એકતા કહી શકાય. જે સ્વાર્થી છે તે ખુદનું જ વિચારો અને જીવે છે. પારસ્પરિક પ્રેમ વિના કોઈ નું જીવન પૂર્ણ થઈ શકતું નથી.

શૂન્ય પાલનપુરીનો ખૂબ સુંદર શૅર છે જીવનનો અર્થ પણ સમજાવી જાય છે.

'મરિઝ' છું.
'બેફામ' દર્દ સામે હસતો રહું છું.
હિસાબ શું રાખુ ઝખ્મોનો ?
'શૂન્ય' થઈને જતો રહીશ
'શૂન્ય' થઈને આવ્યો છું !

સંકટ વેળાએ સર્જનહાર કદાચ ગોવર્ધન પોતે જ ઉચકશે એ નક્કી છે પણ આંગળી એમાં અડાડીએ તો તે આપણી સાર્થકતા ગણાશે. જેની ઉપયોગીતા નથી તેનું વિસર્જન અવશ્ય બની રહે છે. મહાભારતમાં શ્રીકૃષ્ણ અર્જુનને કર્મ, ધર્મ,તપ, મોહ તથા ઈશ્વરની વાતો કરે છે. ત્યારે એ યુદ્ધ કરવા સમર્થ થઈ જાય છે. જીવનમાં માત્ર જ્ઞાન સર્વસ્વ નથી, સમજણ, ભાવના, દૃષ્ટિ પણ હોવા જરૂરી છે. કોરોના સંકટમાં પણ વિશ્વના વિવિધ દેશો વચ્ચે ઐક્ય કમ પડ્યું. વૈશ્વિક સંગઠનો પણ કાગળના વાઘ જેવા જ લાગ્યા. કળિયુગમાં સંઘશક્તિ જ વિજેતા બનાવશે એવું ધર્મગ્રંથોમાં દર્શાવવામાં આવ્યું છે. ભારતમાં જ બધા ઉમદા ઐતિહાસિક વારસાના તત્વો છે. આ ઈશ્વરની ભૂમિ છે.

હમ આઈના હૈ આઈના હી રહેંગે
ફિક્ર વો કરે
જીન કી શક્લ મેં કુછ ઔર
દિલ મેં કુછ ઔર હૈ !

લોકડાઉન સમય મુજબ વધી પણ શકે છે કેમ કે અહીં ઈન્સાસના જીવનની ગણના થાય છે અને અર્થતંત્ર કે જીડીપી વિશે પછી કામ કરી લઈશું. વિકસિત દશોમાં પ્રજા લોકડાઉનની વિરુદ્ધ ગયેલી છે જેથી મૃત્યુદર ત્યાં વધુ જોવા મળે છે. દરેક નાગરિક ધર્મ ફરજિયાત પાળવો જ પડશે. તેમાં કોઈ ભેદભાવ ચલાવી ના શકાય. અર્થતંત્રની જબરદસ્ત બેહાલી થઈ જવાની છે કારણ કે બંધના કારણે રોજના અપજો રુપિયાની નુકસાની થઈ રહી છે. જીવતો નદર ભદ્રા પામે !! સરકારે પરપ્રાંતીય શ્રમિકો માટે ચોક્કસ નીતિ બનાવવી પડશે કેમ કે ઉદ્યોગ-ધંધા શરુ કરવાની છૂટ મળશે ત્યારે શ્રમિકો જ નહીં મળે રિસ્ક ઓછું હોય ત્યાં ધીમી ગતિએ જનજીવનને પટરી ઉપર લાવવાનું પણ વિચારવું જ પડશે. સરકારની આવકો ઘટે પછી ખર્ચ કરવાની શક્તિ બાબત શું થશે ? શિક્ષણ, કૃષિ, ઉદ્યોગો વગેરેમાં પણ સંકટ બળવાન બને નહીં તેનું આયોજન કરવું એ અતિ અગ્રતા ધરાવે છે. ઈશ્વર બધાને સુરક્ષિત રાખે એ જ અભ્યર્થના...

**શેર આસ્વાદ :**
**સાથ રહેતે રહેતે મુદત હો ગઈ**
**ઈસલિયે દર્દ કો દિલ સે મહોબ્બત હો ગઈ**